BUSINESS મિત્ર Plus

# હોર્મુઝ સંધી તૂટતા બજારોમાં ફરી ઉચાટ : બ્રિક્સ કરન્સીમાં શાનદાર તેજી

અમેરિકા-ઇરાન અને લેબેનોન-ઇઝરાયેલ વચ્ચેના કામચલાઉ યુદ્ધવિરામ પછી હોરમુઝમાં સ્થિતી થાળે પડી શિપિંગ વ્યવહાર ફરી શરુ થશે એવો હાશકારો પુરા ૨૪ કલાક ટક્યો નથી. ઇરાને ગત સપ્તાહે હોરમુઝ હવે વ્યાપારી જહાજોના પરિવહન માટે ખુલ્લું છે એમ કહ્યું હતુ. (ચોક્કસ માર્ગે જહાજો નીકળી શકે એવી શરત મિસ્થિફ હતી) નાયમેક્સ ક્રુડ શુક્રવારે ૧૨ ડોલર તૂટી ૮૦ ડોલર નીચે ગયું હતું. શેરબજારોમાં ઉછળ્યા હતા. એક તબક્કે ખાદ્યતેલો-સોયાબીન-કોટન વગેરે પણ તૂટયા હતા પણ બંધ થતા મોટા ભાગનો ઘટાડો ધોવાઇ ગયો હતો. રિસ્ક ઓન એસેટમાં બીટકોઇન-ચાંદી- સોનું પણ ઉછળ્યા હતા.



ઘરઆંગણે શેરબજારો અને રૂપિયામાં પાછલા દિવસોમાં શાનદાર રિબાઉન્ડ આવ્યો છે. જો કે હવે યુદ્ધવિરામનું ભાવી અધ્ધરતાલ થઇ ગયું છે. સોમવારે અમેરિકા-ઇરાન વચ્ચે ઇસ્લામાબાદમાં મંત્રણાના બીજા રાઉન્ડ અગાઉ ગત શનિવારે ઇરાનમાં આઇસીજીના ખાનગી નેવી સિપાહની અમુક બોટોએ અમુક ટેન્કરો અને એક કન્ટેનર જહાજ પર હુમલા કરતા વાતાવરણ ડહોળાઇ ગયું છે. નવેસરના તનાવથી શિપિંગ ભાડા- શિપિંગ વીમાખર્ચ વધી જતા ક્રુડ-ડિઝલ-ખાતર-પીવીસી-નેપ્થા વગેરેમાં આવેલો ઘટાડો ધોવાઇ બજારો ફરી ઉછળે તો નવાઇ નહી. ઇરાનના એનર્જી બ્લેકમેઇલીંગને રોકવામાં નહી આવે તો અમેરિકાની નબળાઇ સાથોસાથ યુરોપ-નાટોની નબળાઇ પણ ઉજાગર થઇ જશે. આગામી મહીને અમેરિકી પ્રમુખ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ જીનપિંગ વચ્ચે બીજીંગમાં શિખર મંત્રણા અગાઉ જ વૈશ્વિક શાંતિ ફરીવાર ડહોળાઇ ગઇ છે. બજારોમાં ક્યારે ઉચાટ શમશે એ મોટો યક્ષપ્રશ્ન છે.

બજારોની વાત કરીએ તો યુદ્ધવિરામને પગલે શેરબજારો, ખાસ કરીને અમેરિકી સેમિકંડક્ટર શેરોમાં જોરદાર તેજી હતી. ચિપ્સની

**બિરેન વકીલ**

જાયન્ટ કંપની ઇન્ટેલ વરસોથી મંદીમાં હતી એમાં અચાનક ટર્નએરાઉન્ડ આવ્યો છે. ઇન્ટેલ ૨૦ વરસની ઉંચી સપાટીએ પહોચ્યો છે. એ સીવાય એઆઇ સેક્ટરમાં એન્થ્રોપિકનું માયથોસ મોડેલે એઆઇ શેરોને નવો બુસ્ટ આપ્યો છે. એલોન મસ્કની કંપની સ્પેસએક્સ-એક્સએઆઇનો આઇપીઓ આગામી ૨-૩ માસમાં ૩૦-૮૦ અબજ ડોલર વચ્ચે ઓફર થશે જેમાં કંપનીનું વેલ્યુએશન ૧.૫થી ૨ ટ્રિલિયન ડોલર વચ્ચે અંદાજાય છે. એઆઇ તેમજ પ્રાઇવેટ ક્રેડિટ માર્કેટમાં બબલ રિસ્કની આંશકા તોળાય છે. પ્રાઇવેટ ક્રેડિટમાં નાદારીઓ વધી છે. અમેરિકામાં ફુગાવો વધવા સાથે રાજકોષિય ખાધ પણ કુદકેને ભુસકે વધતી જાય છે. ૩૦ વરસના બોન્ડમાં યિલ્ડ પાંચ ટકાને પાર જતા રહ્યા છે. જે રેડ એલર્ટ ગણાય. ફુગાવો લાંબા સમયથી ૩ ટકા ઉપર છે અને હાયર ફોર લોંગર સ્ટેજમાં છે. જો આગળ

**એઆઇ શેરોમાં સોલિડ તેજી- અલ નીનોની આસંકા વચ્ચે ગવાર-હળદર જેવા એગ્રીવાયદા ઉછળ્યા**

જતા વારષિક ધોરણે વપરાશી ફુગાવો ૫ ટકા વટાવે, પીપીઆઇ ૪ ટકા વટાવે તો બોન્ડ ઇન્વેસ્ટર્સ ઉંચુ ટર્મ પ્રિમિયમ માગે. અત્યારે પણ ૧૦ વરસના બોન્ડમાં યિલ્ડ ૪.૪૦ ટકા થઇ ગયું છે. આગામી મહીનાઓમાં અમેરિકામાં ઘરઆંગણે ઘણા ખરા વાઇલ્ડ કાર્ડ છે. ચાલુ સપ્તાહે નવા ફેડ ચેરમેન તરીકે કેવીન વાર્શનું હીઅરીંગ છે. વર્તમાન ચેરમેન પોવેલની મુદત ચેરમેન તરીકે મે ૨૦૨૬માં પુરી થાય છે પણ ફેડ બોર્ડ મેમ્બર તરીકે એમનો કાર્યકાળ ૨૦૨૮ સુધી છે. સેનેટ બેન્કિંગ કમિટીના વડા ટીલીસે હુંકાર કર્યો છે કે જયા સુધી પોવેલ સામેની તપાસ પુરી ન થાય ત્યા સુધી નવા ચેરમેન સ્વિકાર્ય નથી. નવેમ્બરમાં અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી છે. મોંઘવારી, ટેરિફથી માંડી ઠેરઠેર યુધ્ધોથી હવે આમઆદમી કંટાળ્યો છે. ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ સતત તૂટે છે.

ઘરઆંગણે વાત કરીએ તો રૂપિયો તાજેતરમાં ૯૫.૨૨ થયા પછી શાનદાર સુધરી ૯૨.૪૦ થઇ ૯૨.૭૮ બંધ હતો. બ્રિક્સ કરન્સીમાં શામનદાર તેજી છે. શેરબજારમાં પણ ઘટયા ભાવથી જોરદાર ઉછળ્યું છે. મેટલ-માઇનીંગ-ડિફેન્સ શેરોની આગેવાનીએ ઘણાખરા મીડકેપ-સ્મોલકેપ શેરોમાં રિબાઉન્ડ આવ્યો છે. આગામી ૪મેના વિધાનસભા પરિણામો સાનુકૂળ આવે, ચોમાસાનો સાનુકૂળ આરંભ થાય તો ફુગાવાના મામલે આગળ પર થોડી રાહત થાય. વહેલા મોટા સરકારે પેટ્રેલ-ડિઝલ-ગેસ અને એવીએશન ફ્યુલના ભાવ વધારવા પડશે.

જેટફ્યુલ-ડિઝલ-શિપિંગ ફ્યુલમાં વૈશ્વિક બજારમાં આગઝરતી તેજી છે, યુરિયા-પોટાશ ખાતરોમાં આગઝરતી તેજી છે. યુરિયા છ માસમાં ૩૮૦થી વધી ૭૨૦ ડોલર અને પોટાશ એક વરસમાં ૪૦૦થી વધી ૯૦૦ ડોલર થઇ ગયું છે. અમેરિકામાં કોટન વાયદામાં છ માસમાં ૨૦ ટકાની તેજી થઇ છે. ખાતરોમાં મોટી તેજીને કારણે ખેડુતોએ સાઉથ અમેરિકા કે યુએસના ખેડુતો મકાઇ-કોટનને બદલે સનફલાવર, સોયાબીન પસંદ કરશે, ઓસી ખેડુતોને ડિઝલ અને ખાતર બેઉની તંગી-તેજી નડે છે એટલે ઘંઉને બદલે ઘાસચારા પર જોર વધારે આપે એ શક્ય છે.

ઘરઆંગણે ચોમાસામાં ૯૨ ટકા વરસાદની ગાહી અને અલ નિનોની આશંકા વચ્ચે એગ્રીકોમોડિટીઝમાં ગવારગમ- હળદર-ધાણા-એલચી-કપાસીયાખોળમાં અણધારી તેજી થઇ ગઇ છે.

રાયડો-ખાદ્યતેલોમાં પણ નીકળતી સિઝને તેજી થઇ ગઇ છે. કન્ટેનર ભાડા વધી જતા અને મરીન ઇન્સયોરન્સ મોંઘા થતા તેલોમાં નવા બુકિંગમાં આયાત પડતર ઘણી વધી છે. ખાતર-ડિઝલ-ફ્યુલની તેજીથી આગળ પર ફુગાવો અને આયાતબીલનો વદારો ચૂકવણીની સમતુલા માટે વાઇલ્ડ કાર્ડ છે.

બુલિયનમાં ચાંદીમાં ઘટયા ભાવથી જોરદાર ઉછાળો હતો. ચાંદી ૨.૨૦થી વધી ૨.૬૦ લાખ અને સોનું ૧.૪૮થી વધી ૧.૫૪ લાખ થયું હતું. મેટલ્સમાં એલ્યુમિનિયમમાં નપારૂપી વેચવાલી હતી. કોપરમાં સુધારો હતો. ચીન સલ્ફ્યુરીક એસીડની નિકાસ પર બાન મુકવાના સમાચારે કોપરનું ઉત્પાદન ખોરવાસે એવી અટકળે એન્ડ યુઝર્સ કોપરમાં બાયર છે. અખાતમાં ટકાઉ શાંતિ અને સારુ ચોમાસુ આપણી માટે અનિવાર્ય છે.

# ભારતીય કંપનીઓ યુદ્ધને કારણે કાચા માલની વધેલી કિંમતો સામે ઝઝૂમી રહી છે

ઇરાન સાથે અમેરિકા-ઇઝરાયેલના યુદ્ધની અસરો વ્યાપક છે. આખા વિશ્વને આ યુદ્ધની અસર થઇ છે ત્યારે ભારતની કોર્પોરેટ કંપનીઓ પણ આ યુદ્ધને કારણે અનેક પ્રકારના કાચા માલની વધેલી કિંમતો સામે ઝઝૂમી રહી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે કોમોડિટીના ભાવમાં આવેલા તીવ્ર ઉછાળાથી કોર્પોરેટ ઈન્ડિયા અત્યારે સંઘર્ષ કરી રહ્યું છે. આ પરિસ્થિતિએ કંપનીઓને તેમની કિંમત નિર્ધારણ વ્યૂહરચનાઓ પર પુન:વિચાર કરવા, મૂડી ખર્ચની યોજનાઓ મુલતવી રાખવા અને આગામી ત્રિમાસિક ગાળામાં કમાણી અને માર્જિન પર આવનારા દબાણ માટે તૈયાર રહેવા મજબૂર કરી છે. યુદ્ધની સૌથી તાત્કાલિક અસર ક્રૂડ ઓઈલ પર પડી છે, જેમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. યુદ્ધની શરૂઆતથી બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં લગભગ 33% નો ઉછાળો આવ્યો છે. મુખ્ય ઔદ્યોગિક કાચો માલ અને પેટ્રોલિયમ ડેરિવેટિવ્ઝ જેમ કે યુરિયા, નેપ્થા, સલ્ફર, ટાઈટેનિયમ ડાયોક્સાઇડ અને PVC રેઝિનના ભાવમાં છેલ્લા દોઢ મહિનામાં 20% થી લઈને 70% સુધીનો વધારો જોવા મળ્યો છે. FMCG, કન્ઝ્યુમર

**ઈકોનોમી ઈન્સાઈડર**



ડ્યુરેબલ્સ અને પેઇન્ટ કંપનીઓ જેવા વપરાશકર્તા ઉદ્યોગો તેમના માર્જિન બચાવવા માટે ભાવવધારો કરી રહ્યા છે. વધતા ખર્ચ ઉપરાંત, યુરિયાની અછતને કારણે ખાતર કંપનીઓને ઉત્પાદનમાં કાપ મૂકવાની ફરજ પડી છે.

ડાબરના ગ્લોબલ CEO મોહિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, અમે એવા તબક્કામાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં ઇનપુટ ખર્ચનો ફુગાવો અમારી કિંમત નિર્ધારણ શક્તિ કરતા વધી શકે છે. પશ્ચિમ એશિયાના યુદ્ધે નાણાકીય વર્ષ 2027 માટેના તમામ અંદાજો ઉલટાવી દીધા છે. કંપનીઓ માટે હાલમાં આક્રમક રોકાણ કરવા કરતાં ખર્ચનું સંચાલન કરવું વધુ મહત્વનું છે.

વિશ્લેષકોનો અંદાજ છે કે ક્રૂડના ભાવમાં પ્રતિ બેરલ $10 નો વધારો ભારતની ચાલુ ખાતાની ખાધ (CAD) માં જીડીપીના લગભગ 0.4% જેટલો વધારો કરે છે અને તમામ ઉદ્યોગોમાં ફુગાવાનું દબાણ લાવે છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ માટે આ સંવેદનશીલ વાતાવરણમાં માર્કેટિંગ માર્જિનમાં ઘટાડો કરે છે. એરલાઇન્સે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) ના ભાવમાં થયેલા વધારાને કારણે ભાડામાં વધારો કરવાનું શરૂ કર્યું છે, જે તેમના સંચાલન ખર્ચના 35-40% હિસ્સો ધરાવે છે. બર્જર પેઇન્ટ્સના મેનેજિંગ ડિરેક્ટર અને

**FMCG, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પેઈન્ટ કંપનીઓ જેવા વપરાશકર્તા ઉદ્યોગો તેમના માર્જિન બચાવવા માટે ભાવવધારો કરી રહ્યા છે. વધતા ખર્ચ ઉપરાંત, યુરિયાની અછતને કારણે ખાતર કંપનીઓને ઉત્પાદનમાં કાપ મૂકવાની ફરજ પડી છે**

CEO અભિજિત રોયે જણાવ્યું હતું કે, એપ્રિલ-જૂનનો ગાળો પેઇન્ટ કંપનીઓ માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ સમયે વરસાદ પહેલા ઘરોમાં રિનોવેશનનું કામ થતું હોય છે. તેમણે ઉમેર્યું, અમારી પાસે બે મહિનાનો સ્ટોક હોવા છતાં, તે એપ્રિલના અંત સુધી જ ચાલશે. અમારે વર્તમાન ભાવે જ કાચો માલ ખરીદવો પડશે, જેની અસર ઘટાડવા માટે અમારે ઉત્પાદનોના ભાવ વધારવા પડશે. જો પશ્ચિમ એશિયાનો સંઘર્ષ લાંબો ખેંચાય, તો નાણાકીય વર્ષ 2027માં ખાતર સબસિડીના ખર્ચમાં મોટો વધારો થઈ શકે છે.

ભારત તેની વાર્ષિક ખાતર જરૂરિયાતના લગભગ 30% આયાત કરે છે, જેમાંથી 40% આયાત પશ્ચિમ એશિયાના દેશોમાંથી થાય છે. નિષ્ણાતોના મતે કેમિકલ અને ફર્ટિલાઇઝર સેક્ટરને સૌથી વધુ ફટકો પડ્યો છે, કારણ કે તેઓ LNG અને પેટ્રોકેમિકલ ડેરિવેટિવ્ઝ પર નિર્ભર છે. ભારતમાં યુરિયાના 80% ઉત્પાદનમાં LNG નો ઉપયોગ થાય છે. હાલમાં લગભગ 10-15% LNG સ્પોટ માર્કેટમાંથી ખરીદાય છે, જ્યારે બાકીનો હિસ્સો કતાર અને UAE સાથેના લાંબા ગાળાના કરારો હેઠળ મેળવાય છે. આ દેશોમાંથી આવતા LNG કાર્ગો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે, જે હાલમાં યુદ્ધના કારણે બ્લોક થઈ ગઈ છે. વધુમાં, રૂપિયાનું અવમૂલ્યન પણ કંપનીઓ માટે મુશ્કેલી વધારી રહ્યું છે. ડોલર સામે રૂપિયો નબળો પડવાને કારણે આયાતી માલ વધુ મોંઘો બની રહ્યો છે, જે આયાત પર નિર્ભર ક્ષેત્રો માટે પડતા પર પાટા જેવી સ્થિતિ સર્જે છે. આમ અત્યારે તો ભારતીય કંપનીઓ કાચા માલની વધેલી કિંમતોની સ્થિતિ સાથે કામ પાર પાડવા સખત સંઘર્ષ કરી રહી છે.

# પ્રાયમરી બજારમાં સુસ્ત વલણ, નવા આઈપીઓએ આવવાનું ટાળ્યું

છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે અને શેરબજારમાં વધઘટે મંદી તરફી વલણ જોવા મળી રહ્યું છે, જેની સીધી અસર પ્રાયમરી બજાર ઉપર જોવા મળી રહી છે. એક સમય હતો કે સેકેન્ડરી બજારમાં ઘટાડો હોવા છતાં પ્રાયમરી બજાર સક્રિય જોવા મળતું હતું, પરંતુ છેલ્લા એક મહિનાથી પ્રાયમરી બજાર સુસ્ત થઈ ગયું છે. રિટેલ ઈન્વેસ્ટરો જાણે કે ગાયબ થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે, જેના પરિણામે ઘણી કંપનીઓએ પોતાના ઈશ્યૂને ટાળવાનું કામ કરી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી આઈપીઓથી રોકાણકારોને વળતર મળ્યું નથી, અને મોટા ભાગના આઈપીઓ તેના ઈશ્યૂ પ્રાઈઝથી નીચે ચાલી રહ્યા છે, આ તમામ કારણોથી રોકાણકારો દૂર થતા જોવા મળી રહ્યા છે.

વર્ષના શરૂઆતી આંકડાઓએ પહેલાથી જ રિટેલ રોકાણકારોને સાવચેત કરી દીધા છે, કારણ કે નવા લિસ્ટીંગ પર સરેરાશ વળતર ઘટીને નેગેટિવ ઝોનમાં પહોંચી ગયું છે. પરિણામે બજારમાં નો ગેઈન, ઓન્લી પેઈનની માનિસકતા પ્રર્વતી રહી છે. લિસ્ટીંગ પામેલા ઈશ્યૂઓની પણ હાલત નામોશીભરી છે

**સેબીએ મંજુરીની મુદ્દત સપ્ટેમ્બર સુધી લંબાવતા 40 આઈપીઓ પરનું સંકટ ટળ્યું, બાયબેક માટેના નવા નિયમો અમલી થતા મોટા બાયબેક પાછા ફરશે, વિપ્રોનો અપેક્ષિત 16 હજાર કરોડ રુપિયાના બાયબેકના ગ્રે બજારમાં સોદા પડવા લાગ્યા**

ગત સપ્તાહમાં ભારતીય આઈપીઓ બજારમાં સ્પષ્ટપણે નિરાશા અને સુસ્તીનો માહોલ જોવા મળ્યો હતો. ઈરાન યુદ્ધની વધતી આશંકાઓ અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે શેરબજારમાં લિસ્ટીંગની લાઈનો લાગતી હતી, તેને વિરામ લાગી ગયો છે. એટલું જ નહીં, અને રોકાણકારોના મનમાં ડર પેસી ગયો છે, તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. મેઈન બોર્ડમાં જોઈએ તો હજુય આઈપીઓને સપોર્ટ મળે છે, પણ એસએમઈ સેગમેન્ટ પર નજર કરીએ, જેણે બજારની વાસ્તવિકતાનો સચોટ ચિતાર આપ્યો છે. એમિયાક ટેકનોલોજીસના આઈપીઓનો



જ દાખલો લઈએ. એક ઉત્સાહિત અને આત્મવિશ્વાસથી ભરેલા બજારમાં કોઈપણ ઈશ્યૂ ફુલે છે, તે ત્રણ દિવસમાં ભરાઈ જતો હોય છે, પણ આ ઈશ્યૂ 10 દિવસ સુધી ખૂંચાયો હતો. આમ છતાં સબસ્ક્રીપ્શનના આંકડા નિરાશાજનક રહ્યા હતા. બજારમાં એ વાત કોઈનાથી છૂપી નથી કે આ ઈશ્યૂમાં વાસ્તવિક અને ઓર્ગેનિક રિટેલ ભાગીદારી નહીંવત હતી. જે દર્શાવે છે કે હાલમાં રિટેલ રોકાણકારો કોઈપણ આઈપીઓમાં રોકાણ કરવા તૈયાર નથી.

**આઈપીઓ વોચ**

વર્તમાન સમયમાં બજારની આ થંભી ગયેલી સ્થિતિનો સૌથી ઘેરો સંકેત એ હતો કે શેરબજાર પરથી મેઈનબોર્ડના આઈપીઓ સંપુર્ણપણે ગાયબ થઈ ગયા છે.

કોઈપણ દિગ્ગજ કંપનીઓ પણ પોતાનું નસીબ અજમાવવાનો પ્રયાસ કરવા પણ તૈયાર નથી.

જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામના અહેવાલ આવ્યા છે, જે અંગે બંને દેશો સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરવા મળનારા છે, તે પુર્વે કેટલાક અવરોધો દેખાઈ રહ્યા છે, પણ તે શાંતિપુર્ણ પતી જશે, તેવું માનવામાં આવી રહ્યું છે અને તેને જોઈને બજાર પણ રીએક્ટ કરી રહ્યા છે, જેથી ફરીથી પ્રાયમરી બજારમાં સળવળાટ શરૂ થયો છે, જેના કારણે અટવાઈ પડેલા આઈપીઓ માટે સંજીવની સમાન સાબિત થઈ શકે છે, તેની સીધી અસર બજારના સેન્ટિમેન્ટ પર જોવા મળશે અને જે કંપનીઓએ અત્યાર સુધી ગભરાઈને સાઈડલાઈન પર બેસી રહેવાનું પસંદ કર્યુ હતું, તેઓ હવે ફરી પતાના પ્રોસ્પેક્ટ પર જામેલી ધૂળ ખંખેરીને મેદાનમાં ઉતરવાની તૈયારી કરશે.

જોકે, આ ખરાબ માહોલમાં સેબીએ યોગ્ય સમયે દરમ્યાનગીરી કરી છે. સેબીએ ભારતમાં મુડીબજારમાં પ્રવેશ માટે ઈચ્છુક કંપનીઓના આઈપીઓના સપનાને જીવંત રાખવા માટે માસ્ટરસ્ટ્રોક સમાન નિર્ણય લીધા છે. જેમાં જે કંપનીઓની સમયમર્યાદા પુરી થવાની હતી તેવી 40 કંપનીઓને વન ટાઈમ એક્સટેન્શન આપીને આ મર્યાદા 30 સપ્ટેમ્બર, 2026 સુધી લંબાવી દેવામાં આવી છે. જેથી 500 અબજ રૂપિયાના મુલ્યના સંભવિત આઈપીઓને જીવતદાન મળ્યું છે.

આ ઉપરાંત, સેબીનો સૌથી મોટો અને સાહસિક નિર્ણય શેરબજાર દ્વારા ઓપન માર્કેટ શેર બાયબેક પ્રક્રિયાને ફરીથી શરૂ કરવાનો પ્રસ્તાવ છે. અગાઉ રેગ્યુલેટરે આ પદ્ધિતને તબક્કાવાર નાબુદ કરવાની શરૂઆત કરી હતી, જે 1લી એપ્રિલ, 2025 સુધીમાં સંપુર્ણપણે બંધ થવાની હતી, પણ ટેક્સેશનની રૂપરેખામાં આવેલા એક મોટા ફેરફારે હવે સમગ્ર ચિત્ર બદલી નાંખ્યું છે, 1લી એપ્રિલ, 2026થી અમલમાં આવેલા નવા નિયમ મુજબ બાયબેકથી મળતી રકમ પર હવે સીધો શેરધારકોના હાથમાં કેપિટલ ગેઈન્સ ટેક્સ લાગુ થાય છે.

આનાથી તે ઓપન માર્કેટમાં થતા સામાન્ય શેર વેચાણની સમકક્ષ બની ગયું છે.

ટેક્સ સમાનતાના આ લક્ષ્યને સિદ્ધ કર્યા બાદ સેબીએ એપ્રિલની શરૂઆતમાં એક કન્સલ્ટેશન પેપર બહાર પાડીને ઓપન માર્કેટ રિપરચેઝ મિકેનિઝમને તાત્કાલિક અસરથી પુનર્જિવિત કરવાનો પ્રસ્તાવ મુક્યો છે.

આ દરમ્યાન ચાલુ વર્ષે 20 ટકાથી વધુ તૂટેલા આઈટી દિગ્ગજ કંપની વિપ્રોએ રોકાણકારોનો વિશ્વાસ ટકાવી રાખવા માટે બાયબેક લાવવાની તૈયારી કરી રહી છે.

પ્રસારિત અહેવાલો પરથી જાળવા મળી રહ્યું છે કે, કંપની રૂ. 16 હજાર કરોડનું જંગી બાયબેક જાહેર કરી શકે છે. જે આગામી 16મીએ મળનારી બોર્ડ મીટીંગમાં ત્રણ વર્ષમાં આ પ્રથમ બાયબેકનો પ્રસ્તાવ પર વિચારણા કરશે અને અંતિમ નિર્ણય લેવાશે. આ અહેવાલની પાછળ ગ્રે બજારમાં બે લાખ રૂપિયાની અરજી માટેના ભાવ પણ બોલાવા લાગ્યા છે. જે રૂ. 6000થી ચાલુ થઈને રૂ. 7500 સુધી અરજીના ભાવ સંભળાઈ રહ્યા છે.

# AI પ્રેરિત છટણીઓની શરૂઆત આઈટી કંપનીઓમાં થઈ ગઈ છે

૨૦૨૬ની શરૂઆત ટેક ઉદ્યોગમાં છટણીના નવા રાઉન્ડ સાથે થઈ છે, કારણ કે જાન્યુઆરીના પ્રથમ થોડા જ દિવસોમાં એમેઝોન અને મેટા જેવી મોટી ટેક કંપનીઓએ નોકરીઓમાં કાપની જાહેરાત કરી હતી. જોકે અગાઉના વર્ષોની શરૂઆતની સરખામણીમાં આ આંકડો ઓછો હોઈ શકે છે, પરંતુ છટણીનો ખતરો નોકરીના બજાર પર મંડરાઈ રહ્યો છે. મોટી કોર્પોરેશનો, નાના વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સ હવે સોફ્ટવેર કોડ લખવા માટે વધુને વધુ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઉપયોગ કરી રહ્યા છે અને રૂટિન કાર્યોને સ્વચાલિત કરવા માટે AI એજન્ટો અપનાવી



‘ચેલેન્જર, ગ્રે એન્ડ ક્રિસમસ’ના રિપોર્ટ અનુસાર, ૨૦૨૫માં યુનાઇટેડ સ્ટેટ્સમાં ઓછામાં ઓછા ૫૫,૦૦૦ લોકોની છટણી પાછળ AI જવાબદાર હતું. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના ૨૦૨૫ના સર્વેમાં પણ જાણવા મળ્યું છે કે વિશ્વભરની ૪૧ ટકાથી વધુ કંપનીઓ AIના ઉદયને કારણે આગામી પાંચ વર્ષમાં તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે. ૨૦૨૬માં અત્યાર સુધી છટણીની જાહેરાત કરનાર ટેક

**વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના ૨૦૨૫ના સર્વેમાં પણ જાણવા મળ્યું છે કે વિશ્વભરની ૪૧ ટકાથી વધુ કંપનીઓ AIના ઉદયને કારણે આગામી પાંચ વર્ષમાં તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે**

રહ્યા છે, જેથી ખર્ચ બચાવી શકાય અને માણસો પરની નિર્ભરતા ઘટાડી શકાય. એઆઇને કારણે નોકરીઓ જશે એવી જે અટકળો હતી તે આઇટી કંપનીઓની બાબતમાં તો સાચી પડવા માંડી જ છે.

સ્વતંત્ર લેઓફ ટ્રેકર ‘Layoffs.fyi’ મુજબ, ૨૦૨૫માં ૨૬૯ ટેક કંપનીઓમાંથી કુલ ૧,૨૩,૯૪૧ ટેક કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૪માં ૫૪૯ કંપનીઓમાં થયેલી કુલ ૧,૫૦,૦૦૦ છટણી કરતા ઓછી હતી. પરંતુ ગત વર્ષ અલગ હતું કારણ કે આ છટણીમાં AIની ભૂમિકા વધુ સ્પષ્ટ થઈ હતી. કન્સલ્ટિંગ ફર્મ કંપનીઓની યાદી અહીં છે:

એમેઝોન

એમેઝોને બુધવાર, ૨૯ જાન્યુઆરીના રોજ જાહેરાત કરી હતી કે તે વૈશ્વિક સ્તરે અંદાજે ૧૬,૦૦૦ કોર્પોરેટ હોદ્દાઓ નાબૂદ કરી રહી છે. ઓક્ટોબર ૨૦૨૫ પછીની આ તેની સૌથી મોટી છટણી છે, જ્યારે ઇ-કોમર્સ દિગ્ગજે ૧૪,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની વાત કહી હતી.

તે સમયે સમાચાર અહેવાલોએ સંકેત આપ્યો હતો કે એમેઝોન કુલ ૩૦,૦૦૦ નોકરીઓ ઘટાડવાનું લક્ષ્ય રાખી રહ્યું છે. આ એવી જૂજ કંપનીઓમાંથી એક છે જેણે કર્મચારીઓને છૂટા કરવાના નિર્ણયને સીધો AIના વધતા ઉપયોગ સાથે જોડ્યો છે.

મેટા

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સના એક અહેવાલ મુજબ, સોશિયલ મીડિયા ક્ષેત્રની દિગ્ગજ કંપની મેટા તેના ‘રિયાલિટી લેબ્સ’ વિભાગના આશરે 10 ટકા કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવી રહી છે. આ વિભાગ મેટાવર્સ સહિતના અન્ય ઉત્પાદનો પર કામ કરે છે.

પિન્ટરેસ્ટ

બિઝનેસ ઇનસાઇડરના અહેવાલ મુજબ, પિન્ટરેસ્ટે તેની વૈશ્વિક પુનર્ગઠન યોજનાના ભાગરૂપે તેના ૧૫ ટકાથી વધુ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર કંપની તેની ઓફિસની

**ઓફ-બીટ**

જગ્યામાં પણ ઘટાડો કરી રહી છે. પિન્ટરેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, “અમે અમારી AI-ફોરવર્ડ વ્યૂહરચનાને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે સંસ્થાકીય ફેરફારો કરી રહ્યા છીએ, જેમાં AI ક્ષેત્રમાં નિપુણ પ્રતિભાઓની ભરતીનો પણ સમાવેશ થાય છે.”

એક્સપિડિયા

એક્સપિડિયાએ જણાવ્યું છે કે તેણે આ વર્ષે જાન્યુઆરીમાં કેટલાક કર્મચારીઓને છૂટા કર્યા છે, પરંતુ કેટલા કામદારોની છટણી કરવામાં આવી છે તેની ચોક્કસ સંખ્યા અસ્પષ્ટ છે. ઓનલાઇન ટ્રાવેલ બુકિંગ પ્લેટફોર્મે એમ પણ કહ્યું છે કે તેણે નવી નોકરીઓ માટેની જાહેરાતો પ્રસિદ્ધ કરી છે.

# સંઘર્ષ બાદ શેરબજારમાં તેજીનો દોર શરૂ થવાના એંધાણ

જ્યારે દુનિયા યુદ્ધથી ધ્રુજે છે, ત્યારે સંઘર્ષમાંથી જન્મેલું દરેક પગલું જીત તરફ આગળ લઈ જાય છે. તેવી જ રીતે શેરબજારમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે, ત્યારે નબળા પડેલા શેરબજારમાં રીકવરી થવાની શરૂઆત થઈ છે, જે હજુય આગળ વધી શકે છે. હાલના તબક્કે રોકાણકારો માટે નવી તક ઉભી થઈ છે કારણ કે સંકટમાં જ સૌથી મોટા અવસર છુપાયેલા હોય છે, જે તકને રોકાણકારોએ ઝડપી લેવી જોઈએ. ઈરાન અને અમેરિકા વચ્ચે ડીલ સાથે કામચલાઉ યુદ્ધ વિરામ કર્યો છે. બીજી વખત બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. પ્રથમ વખત નિષ્ફળ ગયા બાદ બીજી વખત હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યો



હતો, પણ ઈરાને ખેલ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું હતું કેમ કે અમેરિકાએ ડીલનું પાલન કર્યુ નથી.

આ બાબતથી એટલું સ્પષ્ટ થઈ રહ્યું છે કે હવે બંને દેશો યુદ્ધ કરવા માગતા નથી, પણ હજુય બાખડી રહ્યા છે. પણ ક્રુડ ઓઈલના ભાવ ઘટી રહ્યા છે, તે શેરબજાર માટે પોઝિટિવ રહી શકે છે, હજુય એક બે અઠવાડિયા સુધી આવો માહોલ રહેશે, પણ શેરબજારમાં વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે.

ઈરાન અને અમેરિકાના સમાધાનમાં પાકિસ્તાન મહત્વની ભૂમિકા ભજવી રહ્યું

**માર્કેટ વોચ**

છે, જે જોખમી પરિબળ તરીકે જોવાઈ રહ્યું છે કેમકે ભારતના કાશ્મીર મુદ્દામાં અમેરિકા પાકિસ્તાનને સાથ આપી શકે છે. જે ભારત માટે ભવિષ્યમાં હાનિકારક સાબિત થઈ શકે છે. જે એક ચિંતાનો વિષય છે. ટ્રમ્પ એક કાંકરે અનેક પક્ષી મારવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે ચાઈના અને ભારત બંનેને છંછેડી શકે છે. જો આમ થશે તો ભારતીય શેરબજારમાં મંદીની સંભાવના જોવા મળી શકે છે અને અર્થતંત્રને ફટકો પડશે તે અલગ રહેશે.

**રોકાણકારોએ સંકટમાંથી અવસર બનાવવાનો સમય આવી ગયો છે**

જે ખાસ કરીને ટેરિફ મામલે થશે.

રાજકીય સ્તરે સંસદમાં બંધારણમાં સુધારા ખાસ મહિલા અનામત ખરડો અને સીમાંકન માલે કેન્દ્રની એનડીએ સરકારે પરાજય સહન કરવો પડ્યો હોવાથી અને બીજી બાજું પશ્ચિમ બંગાળ અને કેરળ સહિતમાં ચુંટણી યોજનાર હોવાથી રાજકીય હુંસાતુંસીની પણ અસર જોવાઈ શકે છે. આ સિવાય માર્ચ કવાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થઈ છે, જેથી કંપનીઓના પરિણામોની અસર બજારમાં જોવા મળશે. ટીસીએસથી કવાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થઈ છે અને હાલમાં અપેક્ષા મુજબના પરિણામો જાહેર થઈ રહ્યા છે.